અપીલ અરજી નં.૬૩૧ તા.૨૩–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ધનજીભાઈ કે. પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનજીભાઈ કે. પટેલની તા. ૦૮–૧૨–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકા દ્વારા મંજૂર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ ના મંજૂર પ્લાન વિરુધ્ધનું બીન કાયદેસર(ગેરકાયદેસર) બાંધકામ થયેલ છે તેની તપાસ સુરત મહાનગરપાલિકા દ્વારા વીજીલન્સ વિભાગને સોપાતા, વીજીલન્સ વિભાગ દ્વારા થયેલ કામગીરીની તપાસનો રીપોર્ટ તા. ૨૦–૭–૧૦ના તપાસ રીપોર્ટ મુજબ ગેરકાયદેસર(બીન કાયદેસર– વધારાનું) બાંધકામ થયેલ છે તેવો એ.આઈ.ઓ.(ટેક) તથા વી.આઈ.ઓ.શ્રીનો રીપોર્ટ હોવા છતાં મુદ્દા નં.(A) કયા કયા જવાબદાર અધિકારીઓએ ગેરકાયદેસર(વધારાનું) બાંધકામ થવા (કરવા) દીધેલ છે તે તમામ જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દાની સંપૂર્ણ વિગત વિ. મુદ્દા નં. (A) થી ( C) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૬૩૧ /૨૦૧૧–૧૨

શ્રી ધનજીભાઈ કે. પટેલની તા. ૦૮–૧૨–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકા દ્વારા મંજૂર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ / ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ ના મંજૂર પ્લાન વિરુધ્ધનું બીન કાયદેસર(ગેરકાયદેસર) બાંધકામ થયેલ છે તેની તપાસ સુરત મહાનગરપાલિકા દ્વારા વીજીલન્સ વિભાગને સોપાતા, વીજીલન્સ વિભાગ દ્વારા થયેલ કામગીરીની તપાસનો રીપોર્ટ તા. ૨૦–૭–૧૦ના તપાસ રીપોર્ટ મુજબ ગેરકાયદેસર(બીન કાયદેસર– વધારાનું) બાંધકામ થયેલ છે તેવો એ.આઈ.ઓ.(ટેક) તથા વી.આઈ.ઓ.શ્રીનો રીપોર્ટ હોવા છતાં મુદ્દા નં.(A) કયા કયા જવાબદાર અધિકારીઓએ ગેરકાયદેસર(વધારાનું) બાંધકામ થવા (કરવા) દીધેલ છે તે તમામ જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દાની સંપૂર્ણ વિગત વિ. મુદ્દા નં. (A) થી (C) ની માહિતી આપવા બાબતે કોઈ પણ પ્રકારની માહિતી કે નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા એક માસના વિલંબથી અપીલ મોકલવા અંગે જવાબદાર અધિકારી/ કર્મચારીની સ્પષ્ટતા મેળવી તેની વિગતો સહિત માંગેલ માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા અરજદારને** વીજીલન્સ વિભાગના રીપોર્ટની નકલ સહ નારજગીના મુદ્દા અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા તથા તેમનો પક્ષ રજૂ કરવા અત્રેથી પત્રનં. આરટીઆઈ સેલ/૧૮૬૬ તા. ૨૯–૨–૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/આઉટ/નં. ૭૧૭ તા. ૧૫–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ / જાવક/ ૧૬૯૦ તા. ૯–૧૨–૧૧થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદાર તરફથી તા. ૧૨–૩–૧૨ના રોજ અરજી પરત ખેચ્યા અંગેની મૂળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૦૮–૧૨–૧૧ની અરજીથી આઈડી નં. ૧૩૦૨ સુરત મહાનગરપાલિકા દ્વારા મંજૂર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ ના મંજૂર પ્લાન વિરુધ્ધનું બીન કાયદેસર(ગેરકાયદેસર) બાંધકામ થયેલ છે તેની તપાસ સુરત મહાનગરપાલિકા દ્વારા વીજીલન્સ વિભાગને સોપાતા, વીજીલન્સ વિભાગ દ્વારા થયેલ કામગીરીની તપાસનો રીપોર્ટ તા. ૨૦–૭–૧૦ના તપાસ રીપોર્ટ મુજબ ગેરકાયદેસર(બીન કાયદેસર– વધારાનું) બાંધકામ થયેલ છે તે અંગે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતાને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /જાવક/૧૬૯૦ તા. ૯–૧૨–૧૧થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારને ઈ.ઝેડ/આરટીઆઈ/૭૧૭

તા. ૩૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે અંગે એ.આઈ.ઓ.(ટેક) તથા વી.આઈ.ઓ.શ્રીનો રીપોર્ટ હોવા છતાં મુદ્દા નં.(A) કયા કયા જવાબદાર અધિકારીઓએ ગેરકાયદેસર(વધારાનું) બાંધકામ થવા (કરવા) દીધેલ છે તે તમામ જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દાની સંપૂર્ણ વિગત.. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદેસર બાંધકામ કરવા દીધેલ છે તે બાબત વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપવાની રહેતી નથી. તેવું જણાવેલ. મુદ્દા નં.(B) જવાબદાર તમામ અધિકારીઓ ઉપર કયા પ્રકારના પગલાં ભરવામાં આવેલ છે તેની સંપૂર્ણ વિગત.. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પગલાં લેવાની બાબત રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપવાની રહેતી નથી તેવું જણાવેલ. મુદ્દા નં. (C) જવાબદાર તમામ અધિકારીઓને શા માટે સસ્પેન્ડ કરેલ નથી તેની સંપૂર્ણ વિગત.. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબત આરટીઆઈ હેઠળ લાગુ પડતી ન હોય આપવાની રહેતી નથી તેવું જણાવેલ. જે અંગે અરજદારે કોઈપણ જાતની માહિતી સમય મર્યાદામાં મળેલ નથી તેવું જણાવી પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને વિલંબથી માહિતી આપવામાં આવેલ છે વધુમાં જાહેર માહિતી અધિકારીએ ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં./૭૧૭ તા. ૧૫–૩–૧૨થી આપેલ પૂરક વિગતોમાં અરજદારે તા. ૧૨–૩–૧૨ના પત્રથી મારી અરજી અંગેની માંગ્યા મુજબની નકલો મળી હોઈ, જવાબની જરૂર નથી, મે કરેલી અરજી મારી લેખિત સમંતિથી પરત ખેચું છું, મારી અરજીની તમારા તેમજ સંબંધિત દફતરે નોંધ લેવડાવવા વિનંતી. કરતી અરજી જાહેર માહિતી અધિકારીને આપવામાં આવેલ. જે અત્રે મૂળ નકલ મળેલ છે. આમ અરજદારે પોતાની મૂળ અરજી માંગ્યા મુજબની નકલોના જવાબની જરૂર ન હોઈ,પરત ખેચેલ છે. આથી અરજદારની અરજી પરત ખેચેલ હોઈ, અપીલ ચલાવવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. વધુમાં તેમની અરજી પરત ખેચ્યાનું ગ્રાહય રાખી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આથી અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૩–૧–૧૨ ધ્યાને લેતાં ૨૧–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૦૭–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૭ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૮–૧૨–૧૧ ની આઈડી નં. ૧૩૦૨ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે અરજદાર તરફથી તા.૧૨–૩–૧૨ ના રોજ અરજી પરત ખેંચેલ હોઈ અપીલ અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તેમની પરત ખેંચતી અરજી ગ્રાહય રાખી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધનજીભાઈ કે. પટેલ